*દર રવિવારે વોટ્સએપ પર પ્રકાશિત થતું કરન્ટ અફેર્સ નું એકમાત્ર મેગેઝીન*

# * વિદ્યાશકિત *

→Available in PDF and JPEG format

→ આપના વોટ્સએપ પર અંક મેળવવા માટે Join Vidhyashakti લખી 7359470068 પર વોટ્સએપમાંથી મેસેજ મોકલવો. આપના મોબાઇલમાં વિદ્યાશક્તિનો નંબર SAVE હોવો જરૂરી છે.

અંક નં-૧૯ તા: ૨ એપ્રિલ-૨૦૧૭

www.vidhyashakti.blogspot.com

Email : vidhyashaktigujarat@gmail.com
સંપાદક: દરબાર સહદેવસિંહ
સ્થળ : માળિયા હાટીના
જિ : જુનાગઢ

## * ~ ગુજરાત ~ *

» ચેન્નઇ બાદ ગુજરાતમાં દેશની બિજી મેરિટાઇમ યુનિ.બનાવવા માટેનું વિધેયક ગુજરાત વિધાનસભામાં પસાર કરાયું. ૮૮૨ કરોડનાં ખર્ચે બનનારી યુનિ.માં આંતરરાષ્ટ્રીય કક્ષાનાં ટેકનોલોજી અને વ્યવસાયિક માટેના અભ્યાસક્રમ ભણાવવામાં આવશે.

» ગુજરાત સ્વનિર્ભર શાળા ફી નિયમન વિધેયક વિધાનસભામાં પસાર કરાયું. સ્વનિર્ભર શાળાઓ પ્રાથમિક માટે-૧૫ હજાર, માધ્યમિક માટે-૨૫ હજાર તથા ઉચ્ચતર માધ્યમિક માટે ૨૭ હજારથી વધુ ફી નહિ રાખી શકે. હાલમાં રાજયમાં સ્વનિર્ભરશાળાઓની સંખ્યા,પ્રાથમિક-૯૩૯૪, માધ્યમિક-૩૮૩૧ અને ઉચ્ચતર માધ્યમિક -૩૦૩૨ છે.

» બનાસકાંઠા જિલ્લાનાં પાલનપુરની પોસ્ટ ઓફિસમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીનાં હસ્તે પાસપોર્ટ ઓફિસનો પ્રારંભ.

» અમદાવાદમાં આવેલ પ્રખ્યાત માઇકા મેનેજમેન્ટ ઇન્સ્ટીટયુટનાં અધ્યક્ષ તરીકે ડો.રાજ શૈલેન્દ્ર મહેતાની નિમણુંક

» યાત્રાધામ દ્વારકાનાં વિકાસ માટે "પ્રસાદ યોજના" અંતર્ગત કેંદ્ર સરકાર દ્વારા ૨૨ કરોડની મંજુરી.આ પુર્વે "હ્રદય યોજના" અંતર્ગત ૨૦ કરોડનાં વિકાસ કાર્યોની મંજુરી આપવામાં આવેલ.
PRASAD-Pilgrimage Rejuvvenation and Spirituality Augmentation Drive –આ યોજના ભારત સરકારનાં ટુરીઝમ વિભાગ હેઠળ દેશના ૧૨ શહેરોને વિકસાવવાની છે.
HRIDAY- Heritage City Development and Augmentation Yojana -આ યોજના ભારત સરકારનાં શહેરી વિકાસ મંત્રાલય હસ્તક શહેરોનાં વિકાસ માટે છે.

» ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ-૧૯૫૪માં સુધારો કરીને ગૌવંશની હત્યા પર ઉમ્રકેદની સજા નું પ્રાવધાન કરાયું.

www.vidhyashakti.blogspot.com

## * ~ ભારત ~ *

» પ્રધાનમંત્રી એ જમ્મુમાં એશિયાની સૌથી લાંબી હાઇવે ટનલ જાહેર વાહન વ્યવહાર માટે ખુલ્લી મુકી. ઉધમપુર જિલ્લાનાં ચેનાનીને રામબન જિલ્લાનાં નાશરી સાથે જોડતી આ ટનલ નેશનલ હાઇવે નં-૪૪ પર આવેલ છે. ૨૫૦૦ કરોડનાં ખર્ચે તૈયાર થયેલ ૯.૨ કિમી લાંબી ટનલ સમગ્ર વર્ષ કાર્યરત રહેશે.

» મલેશિયાનાં પ્રધાનમંત્રી નજીબ રજાક ભારતની મુલાકાતે. ભારત –મલેશિયા પરસ્પર વ્યાપાર ૧૫ અબજ ડોલર સુધી વધારવા સહમત થયા.

» પડોશી દેશો સાથે સૈન્ય સહયોગ વધારવા આર્મીનાં વડા બિપીન રાવત નેપાળની મુલાકાતે. નેપાળનાં આર્મી ચીફ જનરલ રાજેન્દ્ર છેત્રી, પ્રધાનમંત્રી પુષ્પકમલ દહલ, રાષ્ટ્રપતિ બિંધ્યા દેવી ભંડારી સાથે વિવિધ મુદે બેઠકો યોજાય.

» રાષ્ટ્રીય ફોટોગ્રાફી પુરસ્કારથી રઘુરાય સન્માનીત.

» દેશભરમાં માનવ તસ્કરીનાં મામલા બંગાળમાં સૌથી વધુ અને રાજસ્થાન બિજા ક્રમે.

» AIIMS દિલ્હીનાં ડીરેકટર તરીકે ડો.રણદીપ ગુલેરીયાની નિમણુંક

» ઉતરાખંડ હાઇકોર્ટે ત્રણ મહિના સુધી રાજયમાં કોઇપણ પ્રકારનાં ખનિજ ખનન પર પ્રતિબંધ મુક્યો.

» સુપ્રિમકોર્ટે ૩૧ માર્ચ બાદ BS-3 વાહનોનાં વેંચાણ પર પ્રતિબંધ યથાવત રાખ્યો. ભારત સ્ટેજ ઇમિશન સ્ટાન્ડર્ડ પ્રદુષણ માનક છે જે યુરો માનકને આધારે સ્વીકારેલ છે. BS-3 માનક ૧ એપ્રિલ ૨૦૧૦થી લાગુ પડયુ હતું. હવે કંપનીઓ BS -4 વાહનોનું જ વેચાણ કરી શકશે.

» ડૉ.બી.સી. રોય રાષ્ટ્રીય પુરસ્કારથી આંધ્રપ્રદેશનાં ડો.કારી રામ રેડ્ડી રાષ્ટ્રપતિનાં હસ્તે સન્માનિત.

» અલાહાબાદ હાઇકોર્ટનો ૧૫૦મોં સ્થાપના દિવસ ઉજવાયો.

## * ~ વિશ્વ ~ *

» ભારત-બ્રિટનનાં સંબંધોમાં મહત્વપુર્ણ યોગદાન આપનાર ભારતીય મુળનાં પ્રિતી પટેલ "પ્રવાસી ભારતીય સન્માન" થી સન્માનીત કરાયા. વિદેશોમાં વસતા ભારતીયોને દર વર્ષે આ સન્માન આપવામાં આવે છે.

» ઇસ્લામાબાદમાં યોજાયેલ સિંધુ સંમેલનમાં ભારત-પાક મિયાર હાઇડ્રો ઇલેક્ટ્રીક પરીયોજના પર સમીક્ષા કરવા સહમત થયા.

» અમેરિકામાં ભારતીય મુળની વનિતા ગુપ્તા "ધ લીડરશિપ કોન્ફરન્સ ઓન સિવિલ એન્ડ હ્યુમન રાઇટસ "ની પ્રથમ મહિલા અધ્યક્ષ બની.

www.vidhyashakti.blogspot.com

» ઓસ્ટ્રેલીયાનાં પુર્વોત્તર કિનારે ચક્રવાત ડેબી નાં પગલે વિસ્તારોને ખાલી કરાવવા પડયા.

» હોંગકોંગનાં પ્રેસીડન્ટ તરીકે ચીન સમર્થક નેતા કેરી લીમની નિયુક્તિ.

» નોર્વે વિશ્વની પ્રથમ શિપ માટેની ટનલ બનાવશે.

» દુબઇ પોલિસ વિશ્વની સૌથી ઝડપી કાર ધરાવતી પોલીસ બની. દુબઇ પોલિસ કાફલામાં સામેલ કરાયેલ બુગાતી વોરેન કાર ૪૦૭ કિમીની ઝડપ ધરાવે છે. અને માત્ર અઢી સેકન્ડમાં ૯૬ કિમી ની સ્પીડ પકડી શકે છે.

» જર્મનીમાં મોજેલ નદી પર યુરોપનો સૌથી ઉંચો પુલ બનશે. હોક મોજેલ બ્રિજ ૧૬૦ મી. ઉંચો અને ૧૭૦૦ મી. લાંબો હશે.

» યુનોનાં વર્લ્ડ ફૂડ પ્રોગ્રામનાં પ્રમુખ તરીકે અમેરિકાનાં ડેવિડ બેસ્લીની નિમણુંક

## * ~ આર્થિક જગત ~ *

» દેશનાં ખેડુતોને ઘઉનાં પુરતા ભાવો મળી રહે તે માટે કેન્દ્ર સરકારે ઘઉની આયાત પર ૧૦% ડ્યુટી લગાવી.

» ઇતિહાસમાં પ્રથમવાર ભારત જરુરીયાત કરતા વધુ વિજળી ઉત્પન કરીને વિજળીનો નિકાસ કરતો દેશ બન્યો.૨૦૧૫-૧૬માં ભારતે નેપાળ, બાંગ્લાદેશ અને અને મ્યાનમારને ૫૭૯ કરોડ યુનિટની નિકાસ કરી.

» GST લાગુ થયા બાદ CBEC(Central Board of Excise and Custom) હવે CBIC(Central Board of Indirect Taxes) બનશે.નવા અધ્યક્ષ તરીકે વનાજા એન.સરનાની નિમણૂંક,તેઓ નજીબ શાહનું સ્થાન લેશે.

» સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા "ઉન્નતિ " ક્રેડીટ કાર્ડ લોંચ કરાયું.

» ૨૦૧૬ની સર્વશ્રેષ્ઠ લઘુબેંક તરીકે કરૂર વૈશ્યને જાહેર કરાય. તેનું હેડક્વાર્ટર તમિલનાડુંનાં કરૂરમાં આવેલ છે.

» ઓટો કંપની બજાજ(ભારત) અને કાવાસાકી(જાપાન) અલગ પડી.

## * ~ રમત જગત ~ *

» ઇન્ડિયા ઓપન -૨૦૧૭ બેડમિન્ટન ટુર્નામેન્ટ ભારતની પી.વી.સિંધુએ જીતી લીધી. ઓલ્મ્પિક ચેમ્પિયન કેરોલીના મારીન(સ્પેન)ને હરાવી.

» ૨૦૧૭માં ભુવનેશ્વરમાં પુરુષ હોકી વર્લ્ડ લિગ ફાઇનલ અને ૨૦૧૮માં હોકી પુરૂષ વર્લ્ડ કપ ફાઇનલ રમાશે.. આંતરરાષ્ટ્રીય હોકી ફેડરેશન (FIH)ની જાહેરાત. FIH નાં CEO જેસ્સન મેકેન અને અધ્યક્ષ નરેન્દ્ર ધ્રુવ બાત્રા છે.

» દેશભરમાં ફિફા અંડર-૧૭ વર્લ્ડકપને પ્રમોટ કરવા ખેલમંત્રી વિજય ગોયલ દ્વારા દરેક સાંસદોને ફુટબોલની ભેટ આપવામાં આવી. દેશનાં ૧.૧૦ કરોડ બાળકો સુધી ફુટબોલ

www.vidhyashakti.blogspot.com

પહોચાડાશે. વર્લ્ડ કપનો ફાઇનલ મેચ કલકતામાં અને સેમિફાઇનલ મુંબઇ અને ગૌહાટીમાં યોજાશે.

» વિજય હજારે ટ્રોફી ચેમ્પિયન તમિલનાડુ એ ભારત-બી ને હરાવીને દેવધર ટ્રોફી પણ જીતી લીધી. ભારત-બી નાં કેપ્ટન પાર્થિવ પટેલ છે.

» એશિયાઇ હોકી ફેડરેશન દ્વારા ભારતનાં હોકી ખેલાડી એસ.વી. સુનિલની "પ્લેયર ઓફ ધ યર" નો એવોર્ડ માટે પસંદગી.

» શાહજાહમાં યોજાયેલ ૨૦૧૭ ચેસ ટુર્નામેન્ટમાં ચેન્નઇ નો શ્રીનાથ નારાયણન ભારતનો ૪૬મોં ગ્રાન્ડ માસ્ટર બન્યો.

» સંતોષ ટ્રોફીમાં ગોવાને હરાવી બંગાળ ચેમ્પિયન. અત્યાર સુધીમાં બંગાળ ૩૨ વાર ચેમ્પિયન બન્યું.

» ન્યુઝીલેન્ડના સ્ટાર ખેલાડી ગ્રાંટ એલિયટે આંતર રાષ્ટ્રીય ક્રિકેટમાંથી સંન્યાસ લીધો.

## * ~ સંરક્ષણ / વિજ્ઞાન ~ *

» દેશની ૨૯ વર્ષોથી સેવા કરતાં નૌસેનાનાં TU142M વિમાનોને નિવૃત કરાયા. રશિયામાં બનેલ લોંગ રેંન્જ મેરીટાઇમ પેટ્રોલ વિમાનો ૪ એંજીન ધરાવ છે. આ વિમાનોએ માલદીવનાં ઓપરેશન કેકટસમાં મહત્વનો ભાગ ભજવ્યો હતો.

» ૨૦૧૮માં ૧૦૫મી વિજ્ઞાન કોંગ્રેસ હૈદરાબાદની ઓસ્માનિયા યુનિ.માં યોજાશે.

» રશિયાએ અવાજ કરતા પાંચ ગણી સ્પીડ ધરાવતી ઝીરકોન નામની હાઇપરસોનિક મિસાઇલ બનાવી. ૭૪૦૦ કિમીની સ્પીડ અને સ્ક્રેમજેટ એંજીન ધરાવતી આ મિસાઇલ ૨૦૨૨ સુધીમાં રશિયન સૈન્યમાં સામેલ થશે.

» એન્ટાર્કટીકામાં નેશનલ સેન્ટર ફોર એન્ટાર્કટીકા એન્ડ ઓશન રીચર્સ દ્વારા આયોજીત ૩૬માં વૈજ્ઞાનિક સંમેલનમાં ઇસરોની ૪ ટીમો શામેલ થઇ.

» તમિલનાડુનાં આરાકોનમમાં નૌસેનાનાં વડા સુનિલ લાંબાની ઉપસ્થિતીમાં INS રાજાળી ખાતે પ્રથમ IAAMS( Integrated Automatic Aviation Meterological System ) નૌસેનામાં શામેલ કરાય.

» ઇઝરાયેલની બેન ગુઆરીયન યુનિ.નાં વૈજ્ઞાનિકો એ SAW નામનો સ્નેક રોબોટ તૈયાર કર્યો. જે પાચનતંત્રમાં રોગોનાં ઇલાજ માટે અને પાચનતંત્રનાં અભ્યાસ માટે નાના આંતરડામાં પણ પ્રવેશી શકે છે.

» નાસાનાં વૈજ્ઞાનિકોએ સેકન્ડનાં એક અબજમાં ભાગને આકલન કરી શકે તેવી સ્ટોપવોચ તૈયાર કરી.

***-Day of The week-***

૨૭-માર્ચ-વિશ્વ રંગમંચ દિવસ
૩૦-માર્ચ-રાજસ્થાન સ્થાપના દિવસ
૨-એપ્રિલ-આંતરરાષ્ટ્રીય બાળદિન

www.vidhyashakti.blogspot.com